GCX-1461-62 Seat No. ______

# M. A. (Sem. II) Examination

## April / May - 2017

## Gujarati : CC - 201

### *(1) ગ્રંથકારનો અભ્યાસ : મધ્યકાલીન - (શામળ) (Old Course)*
### *(2) ગ્રંથકારનો અભ્યાસ : મધ્યકાલીન - (ભાલણ) (New Course)*

Time : **3** Hours] [Total Marks : **70**

### *(1) ગ્રંથકારનો અભ્યાસ : મધ્યકાલીન - (શામળ) (Old Course)*

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ કવિ શામળના સમયની સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિસ્થિતિનો પરિચય કરાવો.

**અથવા**

૧ કવિ શામળના સાહિત્યિક વ્યક્તિત્વને ઘડનારાં પરિબળો વિશે ચર્ચા કરો.

૨ કવિ શામળના સાહિત્ય-સર્જનનો પરિચય કરાવો.

**અથવા**

૨ પદ્ય વાર્તાકાર તરીકે શામળની વિશેષતાઓ અને મર્યાદાઓ જણાવો.

૩ 'મદનમોહના' શામળની પ્રતિનિધિ અને લોકપ્રિય કૃતિ છે.- આ વિધાનની ચર્ચા કરો.

**અથવા**

૩ શામળની ધર્મ વિષયક કથાત્રયીનો પરિચય આપો.

૪ ટૂંકનોંધ લખો : (ગમે તે બે)

(૧) શામળના છપ્પા

(૨) શામળની પદ્યવાર્તાઓની પાત્રસૃષ્ટિ

(૩) શામળના સમયની લોકસ્થિતિ

(૪) શામળનું પ્રકીર્ણ સાહિત્ય

૫ ટૂંકમાં જવાબ આપો : (ગમે તે સાત)

(૧) શામળના આશ્રયદાતા રાજવી કોણ હતા ? શામળ તેમને કેવી રીતે બિરદાવે છે ?

(૨) શામળના માતા-પિતા અને ગુરુના નામ જણાવો.

(૩) પદ્યવાર્તાના મહત્ત્વના ચાર લક્ષણો જણાવો.

(૪) અવાંતરકથા એટલે શું ? 'મદનમોહના'માં કેટલી અવાંતરકથાઓ આવે છે ?

(૫) કવિ શામળ વિષયક દંતકથાઓ જણાવો.

(૬) શામળની પદ્યવાર્તાઓનો રચનાબંધ જણાવો.

(૭) મદન અને મોહનાની પ્રથમ મુલાકાત કેવી રીતે થઈ ? તેનું પરિણામ શું આવ્યું ?

(૮) શામળને સંસાર નિરીક્ષણનો કવિ શા માટે કહે છે ?

(૯) 'રાવણ-મંદોદરી સંવાદ' ની વિશેષતા જણાવો.

(૧૦) શામળની કઈ વાર્તા તમને વધુ ગમે છે ? શા માટે ?

(૧૧) શામળ ભાષા વિશે શું કહે છે ?

(૧૨) વેતાલ પચ્ચીસીમાં વાર્તા કોણ-કોને કહે છે ?

## (2) ગ્રંથકારનો અભ્યાસ : મધ્યકાલીન - (ભાલણ) *(New Course)*

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સમાન છે.

૧ ભાલણના સાહિત્યિક-વ્યક્તિત્વને ઘડનારાં પરિબળો વિશે ચર્ચા કરો.

**અથવા**

૧ ભાલણના સમયની સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિસ્થિતિનો પરિચય કરાવો.

૨ ભાલણના સાહિત્ય-સર્જનનો પરિચય કરાવો.

**અથવા**

૨ ભાલણના સાહિત્યિક-પ્રદાનને આધારે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં તેનું સ્થાન સ્પષ્ટ કરો.

૩ કોઈપણ **બે** કૃતિઓની ટૂંકમાં સમીક્ષા કરો :

(૧) કાદંબરી

(૨) નળાખ્યાન

(૩) દશમસ્કંધ

(૪) સપ્તશતી

૪ કોઈપણ **બે** ટૂંકનોંધ લખો :

(૧) ભાલણનો સમય

(૨) પદ સાહિત્યમાં ભાલણનું પ્રદાન

(૩) અનુવાદક ભાલણ

(૪) ભાલણની આખ્યાનકાર તરીકેની મર્યાદાઓ

૫ ટૂંકમાં જવાબ આપો : (ગમે તે **સાત**)

(૧) ભાલણના પિતા અને ગુરૂના નામ જણાવો.

(૨) અનુવાદક ભાલણની બે વિશેષતાઓ જણાવો.

(૩) ભાલણકૃત 'દશમસ્કંધ' ની કથા શામાંથી લેવામાં આવી છે ? તેમાં કુલ કેટલા પદ છે ?

(૪) ભાલણને આખ્યાનનો પિતા શા માટે કહેવાય છે ?

(૫) ''શિવભીલડી'' સંવાદ આખ્યાનનો મર્મ ટૂંકમાં લખો.

(૬) ભાલણ વિશે સંશોધન કરનારા કોઈપણ ચાર સંશોધકોના નામ આપો.

(૭) ભાલણની કોઈપણ પાંચ કૃતિઓના નામ આપો.

(૮) પદકાર ભાલણની બે વિશેષતાઓ વર્ણવો.

(૯) ભાલણના જીવનની અંગત માહિતી આપો.

(૧૦) ભાલણકૃત ધ્રુવાખ્યાન ક્યારે અને ક્યા સામયિકમાં પ્રગટ થયું હતું ?

(૧૧) ભાલણનું મકાન અને મંદિર પાટણ નગરીમાં ક્યાં આવેલું છે ?

(૧૨) ભાલણના આખ્યાનોનાં બાહ્ય લક્ષણો જણાવો.

---